માનનીય અધ્યક્ષશ્રી,

વિધાનસભાના આ સત્રમાં માનનીય મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા રજૂ થયેલ સરકારી સંકલ્પ હેતુ, મને જ્યારે પ્રધાનમંત્રીશ્રીને અભિનંદન આપતા પ્રસ્તાવ પર બોલવાનો અવસર મળ્યો છે ત્યારે, એ અવસર પ્રદાન કરવા બદલ હું આ સદન પ્રત્યે મારી હાર્દિક ધન્યવાદની લાગણી વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

સૌ પહેલા તો હું આ સદનના માધ્યમથી દેશના ગૌરવશાળી પ્રધાનમંત્રી તરીકે સતત ત્રીજી વખત શપથ લેવા બદલ આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને અને એમની સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. દેશની જનતાએ સતત ત્રીજીવાર આદરણીય નરેન્દ્રભાઈ મોદીસાહેબ પર ભરોસો મૂકીને એમને દેશનું સુકાન સોંપ્યું છે. જે માટે હું દેશની પ્રજાને પણ આ સદનના માધ્યમથી અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

ભારતવર્ષની જડોને નબળી પાડવાના આશયથી, અને દેશને અંદરથી ખોખલો કરવાની મેલી મુરાદથી, દેશ બહારની તાકાત દેશના કેટલાક ભટકી ગયેલા લોકોનો સહારો લઈ, એમને અંધારામાં રાખીને, દેશને નુકસાન કરવાના સપનાઓ જુએ છે. આતંકવાદી ગતિવિધિઓ દ્વારા અને નક્સલી પ્રવૃત્તિઓ દ્વારા દેશના વિકાસને રુંધવાના પ્રયાસો કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી,

એક દસકા પહેલા સુધી આ બધું બહુ ચાલ્યું. આતંકીઓ અને નક્સલીઓને દેશમાં ત્રાસદી ફેલાવતા રોકવાના બદલે કેટલીક સરકારોએ આવા લોકો સામે આંખ આડા કાન કર્યાં, પરિણામ સ્વરૂપ આવા લોકોને મોકળું મેદાન મળી રહેતાં દેશમાં છાસવારે આતંકી

ઘટનાઓ મોટાં પાયે બનતી રહેતી હતી. કાશ્મીરમાં પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ અને દૂર પૂર્વના રાજ્યોમાં નક્સલવાદે રીતસર ભયનો માહોલ પેદા કર્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી,

દશ વર્ષના શાસનમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે, આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના શાસનમાં દેશની નીતિ અને રીતિમાં અભૂતપૂર્વ બદલાવ લાવીને આતંકવાદ અને નક્સલવાદ પર કરેલા પ્રહારથી એ બંન્ને આતંકી પ્રવૃત્તિઓની કમર તોડી નાખી છે.

માનનીય અધ્યક્ષશ્રી,

નક્સલવાદી પ્રવૃત્તિઓમાં સામેલ લોકોને સમજાવી, તકોનું નિર્માણ કરી, એ લોકોને મુખ્ય ધારામાં પુનઃ લાવવાનું કાર્ય સફળતાપૂર્વક સંપન્ન કરવાનું શ્રેય કેન્દ્રની મોદીસાહેબની સરકારને જાય છે. જે માટે હું દેશનાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ તથા દેશનાં ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબને આ સદનના માધ્યમથી ગુજરાતની પ્રજા વતી અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

મને કહેતા આનંદ થાય છે કે, છેલ્લા પચાસ વર્ષમાં ગયા વર્ષે 2023માં પ્રથમ વખત બસ્તર જિલ્લામાં 23 જગ્યાએ રાષ્ટ્રધ્વજ ફરક્યો. વર્ષ2010ની તુલનામાં વર્ષ 2023માં બસ્તરમાં પ્રવાસન 90% જેટલું વધ્યું છે. વર્ષ 2010ની સરખામણીમાં નક્સલ હુમલામાં 2023માં 70% નો ઘટાડો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી,

બસ્તર વિસ્તારમાં જ્યારે નક્સલવાદ પૂરજોશમાં હતો ત્યારે બસ્તરની આસપાસની જે શાળાઓ તોડી નંખાઈ હતી, તેમાંથી છેલ્લા 10 વર્ષમાં 266 સ્કૂલો ફરી શરૂ થઈ ગઈ છે. વર્ષ 2010માં દેશમાં નક્સલ પ્રભાવિત જિલ્લાઓની સંખ્યા 180 હતી, જે આજે 43 જિલ્લા સુધી સીમિત કરી શકાઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

દેશનું સુકાન મોદી સાહેબે સંભાળ્યા પછી આ હકારત્મક બદલાવ આપણે ત્યાં લાવી શકાયો છે. અનેક નક્સલીઓએ આત્મસમર્પણ કરી પુનઃ જીવનની મુખ્ય ધારામાં ભળી જવાનું પસંદ કર્યું છે. જે માટે સદનના માધ્યમથી પુનઃ પુનઃ હું દેશના વડાપ્રધાન મોદીસહેબ અને દેશના ગૃહમંત્રીશ્રી અમિત શાહ સાહેબને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

જમ્મુ અને કાશ્મીરમાં આતંકી પ્રવૃત્તિ દાયકાઓથી ફૂલીફાલી હતી. પાકિસ્તાન પ્રેરિત આતંકવાદને સ્થાનિક કેટલાક લોકોની સ્લીપરસેલ જેવી મદદ મળી રહેતી હતી. વળી 370 ની કલમને કારણે રાજ્યને મળેલા કેટલાક વિશેષ અધિકારોનો દુરુપયોગ પણ થતો હતો. આપણા સૈનિકો પર પથ્થરબાજીની ઘટનાઓ રોજ બરોજ બનતી હતી. અગાઉની સરકારો મૂક પ્રેક્ષક બનીને જોઇ રહેતી હતી. જેથી આતંકી લોકોને છૂટો દોર મળતો હતો.

માનનીય અધ્યક્ષશ્રી,

મોદીસાહેબે દેશનું સુકાન સંભાળ્યા પછી ત્રાસવાદને ડામવા નક્કર પગલાં લીધાં. 370 ની કલમને બંધારણીય રીતે, સંસદના માધ્યમથી એક જ ઝાટકે સમાપ્ત કરી દીધી.

માનનીય અધ્યક્ષશ્રી,

અનુચ્છેદ ૩૭૦ની વિશિષ્ટ જોગવાઈઓને કારણે ભારતીય સંસંદ જમ્મુ–કાશ્મીર વિધાનમંડળની સહમતિ વિના સંરક્ષણ, વિદેશી બાબતો અને સંદેશાવ્યવહાર અંગેના કાયદા બનાવવાના અધિકાર સિવાય બીજાં કાર્ય કરી શકતી નહોતી. રાજ્ય તથા રાજ્યને પ્રભાવિત કરનારી કોઈ પણ આંતરરાષ્ટ્રીય સંધિ કે બંધારણના અનુચ્છેદ ૩૫૨ અંતર્ગત રાષ્ટ્રપતિ દ્વારા આંતરિક અશાંતિના આધાર પર કટોકટીની ઘોષણા રાજ્ય સરકારની સહમતિ વિના જમ્મુ–કાશ્મીરમાં લાગુ પાડી શકાતી ન હતી.

માનનીય અધ્યક્ષશ્રી,

ભારતના બંધારણની કલમ ૩૬૦ હેઠળ દેશમાં નાણાકીય કટોકટી લાદવાની જોગવાઈ છે તે જમ્મુ–કાશ્મીર પર લાગુ પડતી ન હતી.

અનુચ્છેદ ૩૬૫ અંતર્ગત કેન્દ્ર સરકારના આદેશોના પાલન ન કરવાના કારણોસર જમ્મુ–કાશ્મીર રાજ્યના સંવિધાનને બરખાસ્ત કરી શકાતું નહોતું. નોકરી, સંપત્તિ અને નિવાસના વિશેષ અધિકાર રાજ્યના સ્થાયી નિવાસીઓને જ ફળવાયેલાં હતાં.

માનનીય અધ્યક્ષશ્રી,

બંધારણના ભાગ–૪ માં નિર્દેશિત નીતિ નિર્દેશક તત્ત્વો રાજ્ય પર લાગુ પાડી શકાતા ન હતા. બંધારણની કલમ ૩૫૬ જમ્મુ–કાશ્મીર રાજ્ય પર લાગુ પાડી શકાતી નહોતી. રાષ્ટ્રપતિ પાસે રાજ્યના બંધારણને બરતરફ કરવાનો અધિકાર નહોતો. ૧૯૭૬નો શહેરી ભૂમિ કાયદો જમ્મુ કાશ્મીર પર લાગુ પડતો નહતો.

માનનીય અધ્યક્ષશ્રી,

ભારતના અન્ય રાજ્યોના લોકો જમ્મુ–કાશ્મીરમાં જમીન ખરીદી શકતા ન હતા. આ બધું જ એક ઝાટકે સમાપ્ત કરી જમ્મુ કાશ્મીરના વિકાસના દ્વાર ખોલવાનું કામ એક પણ ગોળી ચલાવ્યા વિના પાર પાડવાનું અસંભવ મનાતું કાર્ય આદરણીય નરેન્દ્રભાઇ મોદીની સરકારે દઢ સંકલ્પ અને ઈચ્છાશકિત સાથે પાર પાડ્યું છે. ટૂંક સમયમાં જ હવે ત્યાં ચૂંટણી યોજાશે અને આગામી દિવસોમાં ત્યાં પ્રજાએ ચૂંટેલી સરકાર કાર્યરત થશે.

માનનીય અધ્યક્ષશ્રી,

જમ્મુ અને કાશ્મીરમાં તથા લડાખ ક્ષેત્રમાં વિકાસની ગાડી અત્યારે બરાબર પાટા પર ચડી દોડતી થઈ ગઈ છે. હજારો કરોડના ખર્ચે આ ક્ષેત્રની કાયાપલટ કરવાનું કામ ચાલું છે. એક સમય હતો કે જ્યારે કાશ્મીરનાં લાલ ચોકમાં રાષ્ટ્રદવજ સળગાવવામાં આવતો હતો. આજે અહીં રાષ્ટ્રદવજ શાનથી લહેરાય છે. પ્રજાનો કરફ્યુની હાડમારીમાંથી

છૂટકારો થયો છે. પ્રવાસન ઉદ્યોગ ધમધમતો થયો છે. પ્રજા પુનઃ વિકાસમાં વિશ્વાસ કરતી થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

આ બધું દેશની નરેન્દ્ર મોદી સાહેબની સ્થિર અને મજબૂત સરકારને આભારી છે. મોદીસાહેબના દૃઢ અને નક્કર નિર્ણયોને આભારી છે. જે માટે હું તેમને આ સદનના માધ્યમથી પુનઃ પુનઃ અભિનંદન પાઠવું છું

માનનીય અધ્યક્ષશ્રી,

માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રધાનમંત્રીશ્રીને અભિનંદન આપતા સરકારી સંકલ્પ એટલે કે આ અભિનંદન પ્રસ્તાવને હું મારું પૂર્ણ સમર્થન જાહેર કરું છું.

જય હિન્દ.

જય જય ગરવી ગુજરાત